**Celebration of Matrubhasha Divas** was organized by the CACD&DM Department for all students of department.

**Conducted by: Miss A. R. Rathod**

**Conducted on:** 21 Feb 2023

**Major Outcome:**

બાળકને માતા તરફથી મળેલી ભાષા, પરિવારમાં બોલાતી ભાષા એટલે માતૃભાષા. જે ભાષામાં બાળક હસ્યું, રડ્યું, જે ભાષાનો શબ્દ બાળકે સૌપ્રથમ સાંભળ્યો, કાલુ-કાલુ બોલવાનો પ્રયત્ન જે ભાષામાં બાળકે કર્યો, બાદમાં તે ભાષાનું શબ્દભંડોળ સમૃદ્ધ થવાથી તેના પર પ્રભુત્વ આવ્યું, જે ભાષામાં વિચારવાનું, લાગણીઓ અનુભવવાનું, તેમજ લાગણીઓ અને વિચારો પ્રદર્શિત કરવાનું બાળક શીખ્યું તે ભાષા એટલે માતૃભાષા.

દુનિયાભરના દેશોમાં માતૃભાષાનું જતન કરવા માટે વિશ્વ કક્ષાએ પ્રતિ વર્ષે ૨૧મી ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. ૧૯૯૯ નવેમ્બરમાં યુનેસ્કોએ માતૃભાષા ઉજવવાનું નક્કી કર્યું. જે ફેબ્રુઆરી, ૨૦૦૦થી દર વર્ષે મનાવવામાં આવે છે. જે પાછળનો મુખ્ય ઉદ્દેશ ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવું તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવું. દુનિયાની ૭૦૦૦થી પણ વધુ ભાષામાંથી અડધી ખલાસ થવાની તૈયારીમાં છે.

માતૃભાષા સાથે માણસ ઘનિષ્ટતાથી જોડાયેલો હોવાથી તે ભાષામાં અપાતું શિક્ષણ માણસમાં એવી રીતે ઉગી નીકળે છે જાણે કે કોઈ બીજ, છોડ કે કલમને તમામ રીતે અનુકૂળ વાતાવરણ(જમીન, ખાતર, પાણી, સૂર્યપ્રકાશ તથા નિંદામણ જેવી સંભાળ) મળી ગયું હોય.
આ દિવસે ડિપાર્ટમેન્ટ માં વિદ્યાર્થીનીઓએ ‘’મારા મનપસંદવ્યક્તિ’’ વિષય પર એક પત્રલેખન કરેલ હતું .વ્યક્તિ વિષય પર એક પત્રલેખન કરેલ હતું .આ ઉપરાત પોતાના માતૃભાષા પ્રત્યે ના અભિપ્રાયો રજુ કર્યા હતા . આ ઉપરાત પોતાના માતૃભાષા પ્રત્યે ના અભિપ્રાયો રજુ કર્યા હતા . કુલ ૩૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ હતો.

## <u>Outcome Mapping of this expert lecture</u>

| | PO1 | PO2 | PO3 | PO4 | PO5 | PO6 | PO7 |
|---|---|---|---|---|---|---|---|
| Work shop | - | - | - | - | - | - | 1 |

## Justification of PO-PSO mapping

| Sr. No. | PO | Level | Justification |
|---|---|---|---|
| 1. | PO7 | 1 | Students will be able to represent their emotions in Gujarati. |




